Vidhyayana - ISSN 2454-8596
An International Multidisciplinary Peer-Reviewed E-Journal
www.j.vidhyayanaejournal.org
Indexed in: ROAD & Google Scholar

# શિક્ષક – પ્રશિક્ષકમા માનવ અધિકાર સંદર્ભે જાણકારીનો અભ્યાસ

RESEARCHER
DR. ROHIT C. PATEL
(M.COM.,M.ED.,PH.D.)
Lecturer, District Institute Of Education And Training, Navsari

## સારાંશ/Abstract

ભારતીય બંધારણમાં દરેક નાગરિકને વિશિષ્ટ અધિકારો આપવામાં આવેલ છે. દરેક નાગરિક પોતાને મળેલા અધિકારો પ્રત્યે જાગૃત રહે તેમજ અધિકારોની સાથે જે ફરજો નિભાવવાની છે તેનાથી સભાન રહે તે પણ જરૂરી છે. માનવ અધિકારોની જાણકારી આપવા માટેનું જો કોઈ મજબૂત માધ્યમ હોય તો તે છે શિક્ષણ અને તેમાં કાર્યરત શિક્ષકોનો ફાળો ખૂબ જ મહત્વનો છે. આ બાબતને ધ્યાનમાં રાખીને જ જેઓ ભવિષ્યમાં શિક્ષકનું સ્થાન શોભાવવા જઈ રહયા છે તેવા શિક્ષક –પ્રશિક્ષકોને માનવ અધિકારો પ્રત્યે રહેલી જાણકારી છે તે જાણવાના હેતુસર પ્રસ્તુત સંશોધન કરવામાં આવ્યુ હતુ. જાતીયતા અને વિસ્તારના આધારે શિક્ષક–પ્રશિક્ષકોના માનવ અધિકારોનો અભ્યાસ એ પ્રસ્તુત સંશોધનનોનો મુખ્ય હેતુ હતો. પ્રસ્તુત સંશોધનમાં સુરત જિલ્લાની સરદાર પટેલ બી.એડ્. કોલેજના ૫૦ તાલીમાર્થીઓના નમૂનામાં સમાવેશ કરવામાં આવ્યો હતો. માહિતી એકત્રિકરણ માટે સ્વરચિત અભિપ્રાયવલિનો ઉપયોગ કરવામાં આવેલ હતો. પ્રાપ્ત માહિતીનં પૃથ્થકરણ t કસોટીની મદદથી કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત સંશોધન સર્વેક્ષાત્મક પધ્ધતિએ હાથ ધરવામાં આવ્યુ હતું. માનવ અધિકારો પ્રત્યે ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના પ્રશિક્ષણાર્થી તેમજ ભાઈઓ તથા બહેનો પ્રશિક્ષણાર્થીઓના અભિપ્રાયો સમાન જોવા મળ્યા હતાં.

૧.૧ પ્રસ્તાવના

ભારતીય બંધારણમાં ભારતના દરેક નાગરિકને વિશિષ્ટ અધિકારો આપવામાં આવેલ છે. દરેક નાગરિક પોતાને મળેલા અધિકારો પ્રત્યે જાગૃત રહે તેમજ અધિકારો સાથે જે ફરજો નિભાવવાની છે તેનાથી સભાન રહે તે પણ જરૂરી છે. દરેક નાગરિકને પોતાને નિભાવવાની પડતી હોવાની ફરજોની જાણકારી હોવી જોઈએ. તેજ રીતે લોકશાહીની સફળતા માટે નાગરિકને મળેલ વિશિષ્ટ અધિકારોથી પણ તે જાણકારી ધરાવતો હોવો જોઈએ. અને પોતાને મળેલા અધિકારોનો ઉપયોગ કરતો હોવો જોઈએ. અધિકારો પ્રત્યે નાગરિકની સભાનતા કેળવવાનું કાર્ય શિક્ષણ સાથે સંકળાયેલ શિક્ષકોને અધિકારીની જાણકારી હોય તે ખૂબજ જરૂરી છે. જો શિક્ષકો માનવ અધિકારોની જાણકારી ધરાવતા હોય તો વિદ્યાર્થીઓમાં તેઓ સભાનતા કેળવી શકશે. તેથી શિક્ષકોની માનવ અધિકારો પ્રત્યેની જાણકારી ખૂબ જ મહત્વની છે. આ આ બાબતને ધ્યાનમાં રાખીને જ જેઓ ભવિષ્યમાં શિક્ષક બનવાના છે તેઓને ધ્યાનમાં રાખીને પ્રશિક્ષણર્થીઓના માનવ અધિકારો પ્રત્યેની જાણકારી વિષય પર પ્રસ્તુત સંશોધન હાથ ધરવામાં આવ્યુ હતું.

૧.૨ સમસ્યાકથનઃ

પ્રસ્તુત સંશોધનોની સમસ્યા નીચે મુજબ હતી.

શિક્ષક–પ્રશિક્ષકોના માનવ અધિકારો સંદર્ભે જાણકારીનો અભ્યાસ

૧.૩ સંશોધનના હેતુઓઃ

પ્રસ્તુત સંશોધનના હેતુઓ નીચે મુજબ હતા.

૧. શિક્ષક–પ્રશિક્ષણાર્થીઓના માનવ અધિકારો સંદર્ભે જાણકારી માટે અભિપ્રાયવલિની રચના કરવી.

૨. ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારની પ્રશિક્ષણાર્થીઓના માનવ અધિકારોની જાણકારીની તુલના કરવી.

૩. ભાઈઓ અને બહેનો પ્રશિક્ષણાર્થીઓના માનવ અધિકારોના જાણકારીની તુલના કરવી.

૧.૪ સંશોધનની ઉત્કલ્પનાઃ

પ્રસ્તુત સંશોધનના ઉત્કલ્પનાઓ નીચે મુજબ હતી.

૧. ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓના માનવ અધિકારોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ તફાવત રહશે નહિ.

૨. ભાઈઓ તથા બહેનો પ્રશિક્ષણાર્થીઓના માનવ અધિકારોના સરાસરી પ્રાપ્તાંકો વચ્ચે કોઈ સાર્થક તફાવત હશે નહિ.

૧.૫ સંશોધનનું મહત્વ:

પ્રસ્તુત સંશોધનનું મહત્વ નીચે મુજબ હતું.

૧. પ્રસ્તુત સંશોધનથી પ્રશિક્ષણાર્થીઓમાં માનવ અધિકારો પ્રત્યેની જાણકારી કેટલી છે તે જાણવા મળશે.

૨. માનવ અધિકારો પ્રત્યે માર્ગદર્શન આપવા પ્રસ્તુત સંશોધન મહત્વનું બની રહેશે.

૩. પ્રશિક્ષણ આપતી તમામ સંસ્થાઓને પ્રસ્તુત સંશોધનના તાણો મહત્વના બની રહેશે.

૧.૬. સંશોધનનું સીમાંકન:

પ્રસ્તુત સંશોધન એક બી.એડ્. કોલેજ પૂરતું જ સીમિત હતું. જેમાં અભિપ્રાયવલિનો જ ઉપકરણ તરીકે ઉપયોગ કરવામાં આવ્યો હતો.

૧.૭ સંશોધન પધ્ધતિ:

પ્રસ્તુત સંશોધન સર્વેક્ષણ પધ્ધતિએ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં અભિપ્રાયોની મદદથી માહિતી એકત્રિત કરી, તેનું વિશ્લેષણ કરી અંકશાસ્ત્રીય પૃથ્થકરણ અને અર્થઘટન કરી તારણો તારવવામાં આવ્યા હતાં.

૧.૮ વ્યાપવિશ્વ અને નમૂનો:

પ્રસ્તુત સંશોધનમાં વ્યાપવિશ્વ સુરત જિલ્લાની બી.એડ્. કોલેજના પ્રશિક્ષાર્થીઓ હતા. નમૂના માટે સૂરત જિલ્લાની સરદાર પટેલ બી.એડ્. કોલેજની પસંદગી કરવામાં આવેલ હતી. જેમાં ૧૦૦ પ્રશિક્ષાર્થીઓમાંથી ૫૦ પ્રશિક્ષાર્થીઓની નમૂના તરીકે પસંદગી કરવામાં આવી હતી.

૧.૯ ઉપકરણ

પ્રસુતત સંશોધનમાં માહિતી એકત્રિકરણ માટે ઉપકરણ તરીકે સ્વરચિત અભિપ્રાયવલિનો ઉપયોગ કરવામાં આવ્યો હતો. જેમાં પેચબિંદુ આધારિત અભિપ્રાયો આપવાનો હતો. કુલ ૧૮ વિધાનોની રચના કરવામાં આવી હતી.

૧.૧૦ માહિતી એકત્રિકરણની રીત

સંશોધકે રૂબરૂ અભિપ્રાયવલિ આપીને જરૂરી સૂચનાઓ આપીને માહિતી એકત્રિત કરી હતી.

૧.૧૧ અંકશાસ્ત્રીય પૃથ્થકરણની રીત :

પ્રસ્તુત સંશોધનમાં પ્રાપ્ત થયેલી માહિતીનું t કસોટી દ્વારા પૃથ્થકરણ કરવામાં આવ્યુ હતું.

૧.૧૨ તારણો:

પ્રસ્તુત સંશોધનનાં તારણો નીચે મુજબ હતાં.

૧. ગ્રામ્ય વિસ્તાર અને શહેરી વિસ્તારના પ્રશિક્ષણાર્થીઓના માનવ અધિકારો પ્રત્યેની જાણકારી સમાન હતી.

૨. ભાઈઓ તથા બહેનો પ્રશિક્ષણાર્થીઓની માનવ અધિકારો પ્રત્યેની જાણકારી સમાન હતી.

૧.૧૩ સમાપન:

પ્રસુતત સંશોધન દ્વારા જાણવા મળે છે કે પ્રશિક્ષણાર્થીઓની માનવ અધિકારો સંદર્ભે જાણકારી પર વિસ્તાર અને જાતીયતા જેવા ચલોની કોઈ અસર જોવા મળેલ નથી. જે એક સારી બાબત ગણાવી શકાય.